

# કોંગ્રેસ પક્ષ નહી, વિચાર છે : રાહુલ

## એઆઈસીસીને સંબોધતા રાહુલ ગાંધીએ આક્રમક મૂડમાં કોંગ્રેસની ફિલોસોફીની સાથોસાથ ચૂંટણીની રણનીતિનો સંકેત આપ્યો હતો

નવી દિલ્હી, તા. ૧૭ લાંબા ઈન્તજાર બાદ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે નવી દિલ્હીમાં યોજાયેલી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીટી (એઆઈસીસી)ની બેઠકમાં આક્રમક સંબોધન કર્યુ હતુ અને કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટીને કોઈ પણ ફિનિસ્ડ કરી શકે નહીં. લોકશાહી કોઈ એક વ્યક્તિથી ચાલતી નથી. રાહુલે કહ્યુ હતુ કે અમે દલિતો, ખેડૂતો, મજુરો અને વેપારીઓને પુછીને તેમની ઈચ્છામુજબ ચૂંટણી ઢંઢેરો તૈયાર કરીશું. ૧૫ લોકસભા બેઠકોમાં ઉમેદવારોની સીધીરીતે પસંદગી કરવા બ્લોક પ્રમુખ, વર્કરો અને જિલ્લા પ્રમુખો સાથે વાત કરીશું. આગામી વર્ષમાં અમે સિક્યુરીટી ગાર્ડ, લેબરોને પણ મધ્યમવર્ગમાં આવરીલેવા પ્રયાસ કરીશું. ૧૨ સિલિન્ડરની વાત પણ તેમણે કરી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે અમારા ચૂંટાયેલા સાંસદો જ વડાપ્રધાનની પસંદગી કરશે.

તમામ મુદ્દાઓ ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીએ કોંગ્રેસ પાર્ટીના કાર્યકરોનો આભાર માનીને તેમના ભાષણની શરૂઆત કરી હતી. સાથે સાથએ રાષ્ટ્ર માટે ઉલ્લેખનીય સેવા કરવા બદલ વડાપ્રધાન મનમોહનસિંહનો પણ આભાર માન્યો હતો. રાહુલે મહત્વપૂર્ણ રાઈટ ટુ ઈન્ફરમેશન (આરટીઆઈ) એક્ટ પસાર કરવા બદલ તેમની પાર્ટીને ક્રેડિટ આપી હતી અને કહ્યુ હતુ કે આ કાયદાથી દેશના લોકોને વધારે અધિકારો મળશે. અમે લોકોને વધુ અધિકાર અને સત્તાઓ આપી ચુક્યા છીએ. લોકસભાની ચૂંટણી માટે પાર્ટી સંપૂર્ણપણે તૈયાર હોવાની વાત પણ રાહુલે કરી હતી. રાહુલ ગાંધીના ભાષણવેળા કોંગ્રેસના ઉપસ્થિત મોટી સંખ્યામાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રાહુલે કહ્યુ હતુ કે અમે લોકસભાની ચૂંટણીમાં જીતીને અમારી તાકાત ફરી સાબિત કરીશું. રાહુલે પહેલા અંગ્રેજીમાં

● અનુસંધાન પાના - ૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૭ | ૧૮ જાન્યુઆરી, ૨૦૧૪, શનિવાર; પોષ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાનું બાળપણ બિમારીથી પિડાય છે

## બાળરોગ, આંખ, કાન-નાક-ગળાના દર્દીઓ વધુ મળ્યા : ૩૦ ટકા બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાનું બાળપણ બિમારીથી પિડાઈ રહ્યું છે તેવી ચોંકાવનારી હકીકતો શાળા-આરોગ્ય ચકાસણી ઝુંબેશ દરમ્યાન બહાર આવી છે. ગત વર્ષની તુલનામાં સંદર્ભ સેવા પાત્ર બાળકોની સંખ્યામાં પણ ૨૦૦ વિદ્યાર્થીનો વધારો નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન ૩૦ ટકા બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે. જ્યારે સંદર્ભ સેવા પાત્ર બાળકોની સંખ્યા ૭૭૫ જેટલી થઈ છે. ગત વર્ષે સ્થળ પર સારવાર આપવામાં આવી હોય તેવા બાળકોની સંખ્યા ૧૫ ટકા જેટલી હતી. જ્યારે સંદર્ભ સેવા પાત્ર બાળકોની સંખ્યા ૪૯૧ જેટલી હતી.

શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યો છે ત્યારે આ હકીકતો બહાર આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે. બાળકોમાં સામાન્ય બિમારીઓનું પ્રમાણ પણ નોંધપાત્ર જોવા મળ્યું છે.

તબીબી અધિકારીઓએ ૨૫૧૮૩ જેટલા બાળકોપૈકી ૨૧૯૮૬ બાળકોની ચકાસણી પુરી કરી લીધી છે તેમજ ૨,૭૩,૩૫૯ બાળકોની ચકાસણી પણ સંપન્ન થઈ ગઈ છે.

● અનુસંધાન પાના - ૭ પર



**સોની બજાર બંધ :** શિવરંજની પાસે હિતેશ ઝવેરીની હત્યા અને લૂંટ પ્રકરણે પોલીસની નિષ્ક્રિયતા સામે સોની બજાર બંધના એલાનને ગાંધીનગરમાં પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. ગાંધીનગરના તમામ સોના-ચાંદીના વહેપારીઓએ બંધ પાળી સૂત્રોચ્ચાર કર્યા હતા. સામાજિક એકતાનો પ્રભાવ ઉભો કરી પોલીસને આરોપીને તાકીદે ઝડપવા ઉગ્ર માંગ કરી હતી.

# રવિવારે જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન

## ૧ લાખ ૮૫ હજાર બાળકોને આવરી લેવા માટેનું આયોજન ૮૩૩ બુથ ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૧૭

રવિવારે ગાંધીનગર જિલ્લામાં યોજાનાર પલ્સ પોલિયો અભિયાનમાં ચાર હજારથી વધુ કર્મચારી ૧૫૦ કરતાં વધુ વાહનો દ્વારા ફરજ બજાવશે.

જિલ્લા આરોગ્ય તંત્રએ આ અભિયાનને લઈ તેના આયોજનને આખરી ઓપ આપી દીધો છે. આ અભિયાનમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના બાળકોને આવરી લેવા માટે ૮૩૩ જેટલા બુથ ગ્રામ્ય કક્ષાએ ઉભા કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૧,૮૫,૨૦૧ બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક છે. આ માટે ૧૧,૩૭૨ વાયલની જરૂરિયાત થશે જેમાંથી ૨,૨૭,૪૪૦ ડોઝ આપવામાં આવશે.

જિલ્લામાં ૮૩૩ જેટલા બુથ પર રસી પીવડાવવામાં આવનાર છે.

ગત વર્ષે અભિયાનના પ્રથમ દિવસે ૮૫ ટકા બાળકોને આવરી લેવામાં સફળતા મેળવી હતી. હવે તંત્રએ આ વર્ષે પ્રથમ દિવસે જ ૯૦ ટકાથી વધુ બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક રાખેલ છે.

જિલ્લામાં છેલ્લા દસ વર્ષ દરમ્યાન એક પણ પોલિયોનો કેસ નોંધાયો નથી. જો કે જિલ્લામાં પર પ્રાંતિય શ્રમિકોની સંખ્યા વધુ નોંધાઈ હોવાથી જિલ્લા કક્ષાએ આ વખતે મોબાઈલ ટીમોની સંખ્યા લગભગ બમણી કરવામાં આવી છે. જિલ્લામાં

● અનુસંધાન પાના - ૭ પર



દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુના જન્નત નશિનના સમાચાર ફેલાતાની સાથે જ વ્હોરા સમુદાયમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ હતુ અને વ્હોરા સમાજના ધર્મ સ્થાન પર એકત્રિત થયા હતા.

## NEWS બિટ્સ

### શશી થરુરના પત્નિ સુનંદાનો મૃતદેહ હોટલમાંથી મળ્યો



માનવ સંસાધન રાજ્ય મંત્રી શશી થરુરના પત્નિ સુનંદા પુષ્કરનો મૃતદેહ મોડી સાંજે દિલ્હીની લીલા હોટલના રૂમ નં. ૪૬માંથી મળી આવતા ભારે ચકચાર જાગી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે જ શશી થરુર અને સુનંદા પોતાના જીવનમાં સુખી છે એવું નિવેદન કર્યું હતું.

### દિલ્હીના ચાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવા 'આપની માંગ



દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ માટે દિલ્હીની આપ સરકારે ઉચ્ચ પોલીસ અધિકારીઓને જવાબદાર ગણાવ્યા છે. મુખ્યમંત્રી કેજરીવાલે જણાવ્યું છે કે દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ભગવાન ભરોસે છે. કેજરીવાલે દિલ્હીના ચાર ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સસ્પેન્ડ કરવાની માંગ ગૃહમંત્રી શિંદે સમક્ષ કરી છે. જો આવુ નહી કરવામાં આવે તો 'આપ' સરકાર ધરણા કરશે.

### ૫૦ વર્ષ બાદ લતાજી 'અય મેરે વતન કે લોગો' ગાશે

ચીન સાથેની લડાઈના ભારતીય શહીદો માટે લતાજીએ ભાવવાહી સ્વરે ગાયેલું 'અય મેરે વતન કે લોગા... જરા આંખમાં ભરલો પાની...' ૫૦ વર્ષ પછી પુનઃ લતા મંગેશકરના અવાજમાં સાંભળવા મળશે. આગામી ૨૭મી જાન્યુઆરીએ મુંબઈના મહાલક્ષ્મી રેસકોર્ષ ખાતે આયોજીત એક કાર્યક્રમમાં લતા મંગેશકર એક લાખ લોકો સાથે આ ગીત ગાશે. આ કાર્યક્રમમાં ભાજપના પ્રધાનમંત્રીના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેશે.

### વિશ્વની આદરણીય ટોપટેન વ્યક્તિઓના લિસ્ટમાં બિગ બી



વિશ્વની સૌથી આદરણીય ટોપ ટેન વ્યક્તિઓમાં અમિતાભ બચ્ચનનું નામ સામેલ થયું છે. બ્રિટનના એક મિડિયા હાઉસ માટે થયેલા આ સર્વેમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, રશિયા, ઈન્ડિયા, ચીન, ઓસ્ટ્રેલીયા, પાકિસ્તાન, બ્રાઝિલ, ઈજિપ્ત, નાઈજીરિયા અને ઈન્ડોનેશિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. દુનિયાની સૌથી શ્રેષ્ઠ આદરણીય વ્યક્તિઓના આ લિસ્ટમાં અમિતાભ ઉપરાંત સચિન તેંડુલકર અને પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલાકનું નામ સામેલ છે.







